# ગુજરાત વિધાનસભા

-----------

## પંદરમી વિધાનસભા

## પાંચમું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

શુક્રવાર, ૨૩ ઑગસ્ટ, ૨૦૨૪

સવારે ૧૦:૦૦ વાગ્યે

1.
**પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

(1)
માનનીય સભ્યશ્રી દિનેશસિંહ કુશવાહનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક: ૧૫/૫/૦૪ "બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા બાબત"

**..... માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)**

(2)
માનનીય સભ્યશ્રી વિપુલકુમાર પટેલનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક: ૧૫/૫/૨૮ " પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS)ના મોડલ બાયલોઝ"

**..... માનનીય સહકાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા)**

(3)
માનનીય સભ્યશ્રી સુખાજી ઠાકોરનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક: ૧૫/૫/૩૮ "રાજ્યના પશુઓમાં રોગોનું નિયંત્રણ બાબત "

**..... માનનીય પશુપાલન મંત્રીશ્રી**

(4)
માનનીય સભ્યશ્રી હર્ષદભાઇ પટેલનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક: ૧૫/૫/૩૯ " રાજ્ય સરકારની શોધ યોજના હેઠળ વિદ્યાર્થીઓને સહાય"

**..... માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી**

(5)
માનનીય સભ્યશ્રી શૈલેષ પરમારનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક: ૧૫/૫/૬૩ "અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ શાળાના વિદ્યાર્થીઓને ખાનગી કોચીંગ "

**..... માનનીય પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**

## 2. <u>તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)</u>

(1) નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી ભરતભાઇ પટેલ(નરેશભાઇ પટેલ અને પ્રધ્યુમનસિંહ જાડેજા) માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)નું ધ્યાન દોરશેઃ-

“ગુજરાત રાજ્યના કચ્છ, વલસાડ, નવસારી તથા અન્ય જિલ્લાઓના દરિયા કિનારેથી છેલ્લા ૧૫ દિવસમાં આશરે રૂ.૮૫૦ કરોડનું ડ્રગ્સ સઘન ચેકીંગ કરીને પોલીસ દ્વારા પકડેલ છે. આના પરિણામે લોકોમાં ભય અને ચિંતાની લાગણી ફેલાયેલ છે. આવા ડ્રગ્સની હેરાફેરી અટકાવવા તથા ડ્રગ્સના વપરાશથી રાજ્યનું યુવાધન બરબાદ ન થાય તે માટે રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં.

## 3. <u>જાહેર અગત્યની બાબત પર માનનીય મંત્રીશ્રીના નિવેદન (નિયમ-૪૪)</u>

(1) <u>માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલનું નિવેદન</u>

(2) <u>માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલનું નિવેદન</u>

## 4. <u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો</u>

(1) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલના સન ૨૦૨૨-૨૩ના વર્ષના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડીટ અહેવાલ (અંગ્રેજી અને ગુજરાતી)

<u>.......માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ</u>

(2) દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

<u>...... માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત</u>

(3) ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

<u>..... માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ</u>

(i) સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ

(ii) સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

(4)
ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

..... **માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ**

(5)
ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

.....**માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત**

(6)
ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

...... **માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત**

(i) સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ

(ii) સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

(7)
ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

...... **માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(8)
કામધેનુ યુનિવર્સિટીના સન ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના ઓડિટ અહેવાલ તથા સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

...... **માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ**

(i) સન ૨૦૧૬-૧૭નો ઓડિટ અહેવાલ

(ii) સન ૨૦૧૭-૧૮નો ઓડિટ અહેવાલ

(iii)સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

(9) ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સન ૨૦૧૪-૧૫ થી ૨૦૧૬-૧૭ સુધીના વાર્ષિક વહીવટી અહેવાલ અને હિસાબો તેમજ આ અહેવાલ અને હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

<u>...... માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત</u>

(i) સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક વહીવટી અહેવાલ

(ii) સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ

(iii)સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક વહીવટી અહેવાલ

(10) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

<u>...... માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત</u>

(i) સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

(ii) સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ

(11) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના સન ૨૦૨૦-૨૧ થી ૨૦૨૨-૨૩ સુધીના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

<u>...... માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી</u>

(i) સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક વહીવટી અહેવાલ

(ii) સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ

(iii)સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ

(12) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૩-૨૪ના સુધારેલા અંદાજો અને ૨૦૨૪-૨૫ના અંદાજો તથા સન

૨૦૨૦-૨૧નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**...... માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(i) સન ૨૦૨૩-૨૪ના સુધારેલા અંદાજો અને ૨૦૨૪-૨૫ના અંદાજો

(ii) સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ

(13) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.......... માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

(14) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ હિસાબો અને અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી શ્રી ઋષિકેશ પટેલ**

## 5. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત

(1) ગૌણ વિધાન સમિતિના પ્રથમ અહેવાલની રજૂઆત

**........સમિતિના માનનીય પ્રમુખશ્રી અનિરૂધ્ધ દવે/સભ્યશ્રી**

(2) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના બીજા અહેવાલની રજૂઆત

**........સમિતિના માનનીય પ્રમુખશ્રી અભેસિંહ તડવી/સભ્યશ્રી**

(3) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત

**........સમિતિના માનનીય કાર્યકારી પ્રમુખ શ્રીમતી મનીષા વકીલ/સભ્યશ્રી**

(4) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના બીજા અહેવાલની રજૂઆત

**........સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશ કસવાલા/સભ્યશ્રી**

(5)
જાહેર હિસાબ સમિતિના બીજા અહેવાલની રજૂઆત

**........સમિતિના માનનીય પ્રમુખશ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી/સભ્યશ્રી**

6.
**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી મહેશ કસવાલા/સભ્યશ્રીનો પ્રસ્તાવ**

"આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય."

7.
**સરકારી વિધેયકો**

(1)
સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

....... **માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(2)
સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા**

8.
**છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)**

**માનનીય સભ્યશ્રી અમીત ચાવડા(૬૦ મિનિટ)**

ગુજરાતમાં "સામાજિક ન્યાય" માટે "જાતિ આધારિત વસ્તી ગણતરી" અનિવાર્ય બની ગઈ છે.

રાજ્યમાં દિનપ્રતિદિન સામાજિક-આર્થિક અસમાનતા અને જાતિ આધારિત ભેદભાવ વધી રહ્યા છે, જે આપણા સૌના માટે ચિંતાનો વિષય છે. ચોક્કસ વર્ગ-વિસ્તારને વિકાસના મહત્તમ લાભ મળી રહ્યા છે. રાજ્યમાં સરકારી-સહકારી સંસ્થાઓમાં નોકરીઓ, ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ અને સંશાધનો બજેટમાં સમાન ભાગીદારી જોવા મળતી નથી અને અસમાનતા સ્પષ્ટ દેખાઈ આવે છે.

રાજ્યના લોકો, જાતિ-સમુહો વચ્ચેની આર્થિક, શૈક્ષણિક અને સામાજિક અસમાનતા દૂર કરવા જાતિઓ વચ્ચેની સામાજિક

અસમાનતા ઓળખવી જરૂરી છે. વંચિત જાતિઓ/સમુહોની ઓળખ થશે તો રાજ્યની નીતિ નિર્ધારિત, સંશાધનોનું ન્યાયિક વિતરણ અને યોજનાઓ બનાવવામાં મદદરૂપ થશે.

રાજ્યમાં જાતિ આધારિત વસ્તી ગણતરી વગર સંશાધનોનું ન્યાયિક/સમાન વિતરણ શક્ય નથી.

રાજ્યમાં ચોક્કસ જાતિ/સમુહની વસ્તી વર્તમાન આર્થિક-શૈક્ષણિક સ્થિતિના આંકડા/વિગતો ન હોવાને કારણે ફક્ત ***SC/ST/OBC*** અનામત વ્યવસ્થાને આધારે, અનામત નીતિથી આ જાતિઓમાં સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં કેટલું સકારાત્મક કે નકારાત્મક પરિવર્તન આવ્યું તે જાણી શકાતું નથી.

જાતિ વસ્તી ગણતરીથી રાજ્યની પ્રવર્તમાન નીતિઓ-યોજનાઓના પાલન અને તેના પરિણામોની સાચી માહિતી મળશે. જાતિ ગણતરીના આંકડાઓની રાજ્યના નીતિ નિર્માતાઓએ વર્તમાન નીતિઓ-બજેટમાં શું સુધારો કરવો તે પણ જાણી શકાશે અને સમાજનું સાચું ચિત્ર ઉભરી આવશે.

સ્વતંત્ર ભારતની ૧૯૫૧ થી ૨૦૧૧ દરેક વસ્તી ગણતરીમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની ગણતરી/ડેટા/આંકડા એકઠા કરવામાં આવે છે, પરંતુ અન્ય પછાત વર્ગ અને અન્ય જાતિઓના આંકડા એકઠા કરવામાં આવતા નથી.

ગ્રામ્ય અને શહેરી ક્ષેત્રના પરિવારોની આર્થિક સ્થિતિના આંકડા મેળવવા તથા પછાતપણાના સૂચકોની ઓળખ મેળવવી પણ જરૂરી છે.

વસ્તી ગણતરી રાજ્યની વસ્તીનું સામાન્ય ચિત્ર આપે છે, જ્યારે સામાજિક-આર્થિક જાતિ ગણતરીથી રાજ્યની સહાયતા ઈચ્છતા/આધારીત સામાજિક સમુહો/જાતિ સમુહોને નિર્ધારીત કરવામાં ઉપયોગી બને છે.

રાજ્યમાં સામાજિક-શૈક્ષણિક-આર્થિક અસમાનતા દૂર થાય, વંચિત જાતિ-સમુહોને વિકાસના મુળ પ્રવાહમાં ભાગીદાર બનાવી શકાય, જાતિ ગણતરીના આંકડાને આધારે રાજ્યની નીતિ-બજેટ આયોજનોમાં જરૂરી સુધારા કરવા રાજ્યના અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગ, લઘુમતી સમાજોની લાગણી-માંગણીને ધ્યાનમાં લઈ સરકાર જાતિ આધારીત વસ્તી ગણતરી કરાવે તે જરૂરી છે.

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પણ અન્ય પછાત વર્ગને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં અનામત બેઠકો ફાળવવા સંદર્ભે રાજ્યોને અન્ય પછાત વર્ગોની ગણતરી કરવા ભલામણો કરેલ છે.

"जिसकी जितनी संख्या भारी, उसकी उतनी हिस्सेदारी।"

વર્ષ ૨૦૨૨માં નામદાર સુપ્રિમ કોર્ટે આર્થિક રીતે પછાત (***EWS***)ને ૧૦% અનામતને માન્યતા આપી છે. ***EWS*** અનામતને બંધારણીય સમર્થન આપવા માટે જાતિ ગણતરીમાં અન્ય પછાત વર્ગોની સાથે ઉચ્ચ જાતિ, વર્ગોની ગણતરી કરવી પણ જરૂરી બને છે.

"***Collection of Statistics Act***-2008" મુજબ રાજ્ય સરકારને જરૂરી ગણતરી કરી આંકડા એકઠા કરવાની સત્તા હોઈ રાજ્ય સરકાર સત્વરે "સામાજિક-આર્થિક ગણતરી" કરાવે તે માટે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

9.
<u>**વિધાનસભાના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો**</u>

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર

મૂકવા.

<u>........ઈન્ચાર્જ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા</u>

**વિધાનસભા ગૃહ**
**ગાંધીનગર**
**તારીખઃ૨ ઑગસ્ટ ૨૦૨૪**

**ચેતન પંડયા**
**ઈન્ચાર્જ સચિવ**
**ગુજરાત વિધાનસભા**